આકાશવાણી ભુજ

સમાચાર વાચક : વિરલ રાણા

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **21-05-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## ગૌણ સેવા પસંદગી મંડળ ક્લર્ક પરીક્ષા

ગૌણ સેવા પસંદગી મંડળની જૂનિયર ક્લર્ક, સિનિયર ક્લર્ક તથા હેડ ક્લર્કની પ્રાથમિક પરીક્ષા પૂર્ણ થઈ હોવાની માહિતી ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે આપી હતી. શ્રી પટેલે જણાવ્યું કે, 71 શિફ્ટમાં 19 દિવસ દરમિયાન આ પ્રાથમિક પરીક્ષા લેવામાં આવી હતી. અને હવે ગ્રુપ એ અને બીની મુખ્ય પરીક્ષા લેવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યું કે, અંદાજિત 30 જૂનની આસપાસ પ્રાથમિક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવશે. વિવિધ 21 કેડરની ભરતી માટેની આ પ્રાથમિક પરીક્ષા પૂર્ણ થઈ છે. જુલાઈમાં મેરિટ જાહેર કરવામાં આવશે.

**RNU** અમદાવાદ

---

## કપાસ પાક માર્ગદર્શિકામ

રાજ્યમાં કપાસ પાકના આગોતરા વાવેતર માટે ખેતી નિયામકની કચેરીએ માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકા મુજબ, ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાઈસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. કોઈ પણ પરિસ્થિતિમાં લાઈસન્સ કે પરવાનો ન ધરાવતા વ્યક્તિ, પેઢી કે ફેરિયાઓ પાસેથી ક્યારેય બિયારણની ખરીદી ન કરવી.

**RNU અમદાવાદ**

---

## ગરમીમાં પશુરક્ષા

કચ્છમાં આકરા તાપથી જનજીવનને માઠી અસર પહોંચી છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી તાપમાન 44 ડિગ્રીએ પહોંચી જતા વધતા તાપમાનથી લોકોની સાથે પશુઓને પણ વ્યાપક અસર પડી રહી છે. જો પશુપાલક ઉનાળાની અસહ્ય ગરમી દરમ્યાન પોતાના પશુઓનું ધ્યાન ન રાખે તો ઉનાળાની વધુ પડતી ગરમીને લીધે પશુઓના સ્વાથ્ય અને તેના દુધ ઉત્પાદન પર માઠી અસરો પહોંચે છે જે ગરમીની સીઝનમાં પશુઓની સંભાળ કઇ રીતે રાખવી તે અંગે જિલ્લા પશુપાલન અધિકાર ડોકટર હરેશ ઠક્કરે કેટલાક સૂચનો પશુપાલકોને સૂચવ્યા છે.

(બાઇટ : ડો. હરેશ ઠક્કર)

પરેશ મારૂ

---

## [આરટીઇ પ્રવેશ પ્રક્રિયા]

રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ  કચ્છમાં 1200 જેટલાં બાળકને જુદી જુદી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. હજુ પ્રવેશ પ્રક્રિયા માટે વધુ બે તબક્કા હાથ ધરવામાં આવશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે આરટીઈ હેઠળ કચ્છમાં પ્રથમ ચરણમાં 1100 અને તે પછી બીજાં ચરણમાં 100 મળી છથી 14 વર્ષની વયજૂથના 1200 બાળકને પ્રવેશ આપી દેવામાં આવ્યો છે. 13 જૂનના નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યાં સુધી પ્રવેશ પ્રક્રિયાના બે તબક્કા હાથ ધરવામાં આવશે. આરટીઇ કાયદા હેઠળ એક પણ બાળક ફરજિયાત શિક્ષણના લાભથી વંચિત ન રહે એ બાબત પર ખાસ ખ્યાલ રાખવામાં આવતો હોય છે.

પરેશ મારૂ

---

## [ઘુડખર વસ્તી ગણતરી]

કચ્છના નાના અને મોટા રણમાં ઘુડખર વસ્તી ગણતરી શરૂ કરવામાં આવી. કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, સૂરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લાના 15 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ઘુડખરની ગણતરી કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------

## આતંકવાદી વિરોધી દિવસ-સામૂહિક શપથ

આજે આતંકવાદ વિરોધી દિવસ નિમિત્ત ભુજમાં જિલ્લા સેવા સદન ખાતે આતંકવાદી પ્રવૃતિઓનો વિરોધ તેમજ કોઇપણ પ્રકારની હિંશાથી દૂર રહેવાના સામૂહિક રીતે શપથ લેવામાં આવ્યા હતા.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------

## ખડીર આહિર સમાજ લગ્નોત્સવ

ખંડીર પંથકના પ્રાંથળિયા આહિર સમાજ દ્વારા દર વર્ષે વૈશાખ સુદ-13 ના દિવસે પરંપરાગત મુજબ આજે સામૂહિક લન્ગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વાગડ આહિર સમાજના સમૂહ લગ્નોત્સવમાં 98 યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. જેમાં સમાજના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને નવદંપત્તિને આશીર્વાદ આપ્યા હતા.

**N.P. વિરલ રાણા**

-----------------------------------------------------------------

## ગુ.રાજ્ય લલિતકલા રેતશિલ્પ મહોત્સવ માંડવી

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા માંડવી ખાતે રેત શિલ્પ મહોત્સવનું આયોજન કરાયું હતું. કચ્છના જાણીતા રેત શિલ્પ કલાકાર અનિલભાઇ જોષી મુખ્ય કલાકાર તરીકે રહ્યા હતા અને એમની સાથે કચ્છના સ્થાનિક નવ જેટલા કલાકારએ ભાગ લીધો હતો. નવ જેટલા સુંદર રેત શિલ્પ બનાવ્યા હતા.  સ્થાનિક લોકો તેમજ પ્રવાસીઓ આ રેત શિલ્પને નિહાળી રોમાંચિત બન્યા હતા. આ મહોત્સવમાં કચ્છ સંસ્કૃતિને લગતા શિલ્પો જેવા કે જેસલ જાડેજા, આઇ લવ કચ્છ, રણનું વાહન, કચ્છ સંસ્કૃતિ, પાળિયા દેવ, હાજી કાસમ અને વીજળી, ફ્લેમિંગો જેવા વિવિધ વિષયો પર સુંદર રેત શિલ્પો રજૂ કરાયા હતા.

પરેશ મારૂ

-----------------------------------------------------------------------